


# || tatwamasi ||
## VIDYALAYA

AN INITIATIVE OF SHREE AYYAPPA TEMPLE, VASNA

# SHRISHTI

September-December 2025

FIFTH EDITION

2025-2026

# SCHOOL MAGAZINE

MEET THE REAL LEADER

**“Education shapes character before it shapes career.”**

# Swami Sharanam




# From the Principal's Desk




प्रिय विद्यार्थियों, अभिभावकों और शिक्षकों,
विद्यालय जीवन आपके सफ़र का सबसे अनमोल चरण है ।। इस समय का सर्वोत्तम उपयोग सीखने, खोजने और विकसित होने में करें । केवल शैक्षणिक पढ़ाई ही नहीं, बल्कि खेलकूद, योग, कला, रोबोटिक्स और संगीत जैसी गतिविधियों में भी भाग लें — ये आपको आपकी छुपी प्रतिभाओं को पहचानने और आत्मविश्वास बढ़ाने में मदद करेंगी ।।
याद रखें, सच्ची सफलता केवल अंकों या पुरस्कारों से नहीं आती, बल्कि अनुशासन, ईमानदारी और दयालुता से आती है। अपनी पढ़ाई में नियमित रहें, अपने शिक्षकों और माता-पिता का सम्मान करें और हमेशा नई चीजें सीखने की जिज्ञासा बनाए रखें । चुनौतियों का सामना साहस से करें और गलतियों से कभी न डरें — हर गलती सुधार की ओर एक कदम होती है ।।
इस शैक्षणिक वर्ष (2025-2026) में, हमने अपने विद्यालय में योग, रोबोटिक्स और संगीत जैसी गतिविधियाँ शुरू की हैं । मुझे यह देखकर अत्यंत प्रसन्नता होती है कि हमारे विद्यार्थी इन अवसरों में गहरी रुचि ले रहे हैं और गंभीरता व उत्साह के साथ भाग ले रहे हैं । उनकी भागीदारी न केवल उनकी जिज्ञासा को दर्शाती है, बल्कि समग्र विकास के प्रति उनकी प्रतिबद्धता को भी प्रकट करती है ।
इस पत्रिका के पन्ने हमारे विद्यार्थियों और शिक्षकों की रचनात्मकता, प्रतिभा और समर्पण को सुंदर रूप से प्रदर्शित करते हैं । यह वास्तव में तत्त्वमसि विद्यालय का सच्चा प्रतिबिंब है — जो भी हम अपने विद्यालय में करते हैं, वही गर्व और उत्कृष्टता के साथ इस पत्रिका में झलकता है ।
मैं इस अंक में योगदान देने वाले सभी को हार्दिक धन्यवाद देती हूँ, जिन्होंने इसे संपूर्ण विद्यालय परिवार के लिए प्रेरणा का स्रोत बनाया है ।
सादर,
लता पिल्लै
प्रधानाचार्या

"सर्वोच्च शिक्षा वह है जो केवल हमें जानकारी ही नहीं देती, बल्कि हमारे जीवन को सम्पूर्ण अस्तित्व के साथ सामंजस्य में लाती है ।"
Rabindranath Tagore



# ENGLISH MEDIUM





# VICE PRINCIPAL’S MESSAGE



At Tatwamasi Vidyalaya, we believe in nurturing not just minds, but also hearts and values. Our vision to empower every child to discover their inner strength and potential is at the core of everything we do.

Each day, we strive to create a learning environment where curiosity is kindled, creativity is celebrated, and character is shaped through compassion and discipline.

As we reflect on yet another year of growth and achievements, I feel immense pride in witnessing how our students continue to blossom into confident, responsible, and empathetic individuals. The dedication of our teachers, the support of our parents, and the enthusiasm of our learners form the strong pillars of our institution.


Let us all continue to walk together on this beautiful journey—guided by our mission to provide holistic education, grounded in Indian values and global vision. May we always remain committed to excellence in learning, and more importantly, in becoming better human beings.

Warm regards,

**Nisha Nambiar**
**Vice Principal**



-Vaibhavi Dodiya




## Moments That Shaped Us : Our School Days.

School days are not merely a part of our education; they are the moments that quietly shape who we become. Within the walls of our classrooms, we learn lessons far beyond textbooks — lessons of friendship, patience, confidence, and perseverance. The laughter shared with friends, the encouragement from teachers, and even the challenges we face become stepping stones in our journey. Every assembly, every competition, and every small achievement adds color to our memories. These days teach us how to dream, how to work hard, and how to believe in ourselves. Though time moves on, the values andi experiences gained during school life remain with us forever. Indeed, school days are the foundation of our character and the treasure of our hearts.



-Deepa Pillai





# -Hirak Dave

## Add a little bit of body text The Paradox of Choice – When More Choices Make Us Confused

**Today, we have more choices than ever before. From clothes and food to mobile phones and careers, we are surrounded by many options. We may think that having more choices always makes us happier. But sometimes, too many choices can make us confused, worried, and less satisfied. This idea is called the paradox of choice. The concept became popular through the work of Barry Schwartz, who explained how too many options can create stress instead of happiness.**

### What is the Paradox of Choice?

The paradox of choice means that when we have too many options, it becomes harder to decide. Instead of feeling free and happy, we feel pressure, confusion, and fear of choosing the wrong thing.
In simple words, *more choice does not always mean more happiness*.
Everyday Life Examples

### 1. Choosing Ice Cream Flavours

Imagine going to an ice cream shop. If there are only three flavours—vanilla, chocolate, and strawberry—you can easily choose one. But if there are 30 flavours, you may take a long time deciding. Even after choosing, you might think, “Maybe another flavour was better.”

### 2. Buying a Mobile Phone

When buying a phone, we see many brands, features, and prices. Students may feel confused about which one is best. After buying one, they may still worry if they made the right choice.

### 3. Choosing Clothes

When we have too many clothes in our wardrobe, we often say, “I have nothing to wear!” Too many options make it difficult to decide quickly.

### 4. Choosing Subjects or Careers

Students in higher classes have many subjects and career options. While having choices is good, too many options can create stress and fear of making the wrong decision.

### Why Does This Happen?

* We become afraid of making mistakes.
* We spend too much time comparing options.
* We expect perfect results from our choice.
* We feel regret after choosing something.

Because of this, too many choices can reduce our satisfaction.

### How Can We Deal With Too Many Choices?

* *Limit your options* – Choose from a few good options instead of many.
* *Do not aim for perfection* – Choose what is good enough.
* *Decide quickly when possible* – Avoid overthinking small decisions.
* *Be happy with your choice* – Focus on the positive side.

### Conclusion

Choices give us freedom, but too many choices can create confusion and stress. The paradox of choice teaches us that sometimes fewer options make life easier and happier. By learning to choose wisely and not overthink, we can make better decisions and live peacefully.

**Remember: More choices are not always better — sometimes simple choices bring more happiness.**

# પ્રકૃતિની સુંદરતા



Kamal Vasani

પ્રકૃતિ એ ઈશ્વરની અદભૂત ભેટ છે. માનવજીવનમાં શાંતિ, આનંદ અને પ્રેરણાનો સ્રોત પ્રકૃતિ જ છે. વહેલી સવારના સૂર્યોદયનું મનોહર દૃશ્ય, પંખીઓનું કલરવ, ઠંડા પવનની લહેર અને હરિયાળીથી છલકાતાં વૃક્ષો મનને અદભૂત શાંતિ આપે છે.

પર્વતોની ગૌરવભરી ઊંચાઈ, નદીઓનો મીઠો કલરવ અને સમુદ્રની અનંત લહેરો પ્રકૃતિની મહાનતા દર્શાવે છે. વસંત ઋતુમાં ખીલેલા રંગબેરંગી ફૂલો ધરતીને સ્વર્ગ સમાન બનાવે છે. વરસાદની ઋતુમાં વરસતા ટીપાં અને ધરતીની સુગંધ હૃદયને પ્રસન્ન કરી દે છે.

પ્રકૃતિ માત્ર સૌંદર્ય જ નથી, પરંતુ જીવનનો આધાર છે. વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે, નદીઓ પાણી પૂરું પાડે છે અને જમીન અન્ન ઉત્પન્ન કરે છે. તેથી પ્રકૃતિનું રક્ષણ કરવું આપણી ફરજ છે. વૃક્ષારોપણ, પાણીનો બચાવ અને પ્રદૂષણથી દૂર રહેવું એ પ્રકૃતિ પ્રત્યેની સાચી કૃતજ્ઞતા છે.

આપણું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલું છે. જો આપણે પ્રકૃતિને પ્રેમ અને સંભાળ આપીએ, તો તે પણ આપણને આનંદ, આરોગ્ય અને સમૃદ્ધિ આપશે. પ્રકૃતિની સુંદરતા આપણને શીખવે છે કે જીવનમાં સાદગી અને સમતોલતા કેટલી મહત્વપૂર્ણ છે.



Archana Gajjar

## Science for a Better Future

Science plays an important role in protecting our environment. Renewable sources of energy such as solar and wind power help reduce pollution. Scientific research helps us conserve water, protect wildlife, and fight climate change. By using science wisely, we can make our planet cleaner, greener, and healthier for future generations.

### Short Science Story: The Curious Seed

Riya loved asking questions. One day, she planted a small seed in a pot and kept it near her window. Every morning, she watered it and observed it carefully. After a few days, a tiny green shoot appeared. Riya was excited! She learned that sunlight, water, air, and soil help plants grow.

Weeks passed, and the plant grew taller with fresh leaves. Riya understood that science is not just in books but also in nature. Her small experiment taught her patience, care, and the magic of science.

Moral: Science begins with observation and curiosity.

### Why Plants Are Our Best Friends

Plants give us oxygen to breathe, food to eat, and shade to rest. They also reduce pollution and keep the environment cool. Without plants, life on Earth would not be possible. Protecting plants is protecting our future.

### Science + Values: Be a Responsible Scientist

A good science student not only learns facts but also learns responsibility. Saving electricity, avoiding plastic, and keeping surroundings clean are small scientific habits that make a big difference. Science teaches us to care for nature and use resources wisely.

# Teacher's Achievement Award Ceremony



On Teacher's Day, the school organized an award ceremony to honor its exceptional educators, recognizing their dedication, hard work, and outstanding contributions to the field of education.









# Onam Celebration








**At Tatwamasi Vidyalaya, the Onam celebration was marked by the students' creative efforts in making a beautiful Pookalam, atraditional floral arrangement that is a hallmark of Onam festivities. The intricate designs and vibrant colors of the flowers added to the festive spirit, showcasing the students' artistic skills and attention to detail.**










SAMBHAV
JAIN
6th 'B'




Std-6th A
oll NO-21


"Smiling through the mask of pressure"
"When ego blocks, growth stops"
Ego
Force to smile...!!
"Look inside, not at others."
"Read yourself, Not people."
"All your efforts are being wasted on the wrong person, just like water poured into a perforated drum - it leaks out and becomes useless."
YOUR EFFORTS
Pari R. Narawaria


Save
water
Grishma
V A



# Kanya Poojan

The Kanya Poojan ceremony was a beautiful blend of tradition and spirituality. The teachers adorned the young girls with flowers and tilak, offering them sweets and blessings. The air was filled with the sweet scent of incense and the soft chanting of prayers,creating a serene atmosphere.The students watched with curiosity, learning about the significance of this sacre d ritual and the importance of respecting the divine feminine.









# Save Energy Day

Our school celebrated Save Energy Day with enthusiasm, where students delivered informative speeches on various forms of energy, including solar, wind, and hydro power. The event aimed to raise awareness about energy conservation and sustainability, promoting eco-friendly practices among the young minds. It was a great learning experience, fostering environmental consciousness and public speaking skills among thestudents.





# POEMS

## Exam Day

Mom and Dad say, please now grow...
Your exams are near, don't be low...
The day has come now, I will show ...
My place is 1st in the row ...
All say bad luck, I say no ...
ups and Downs come only to glow ...
Brain says no more stress ...
Your exams are near, don't be low...
The day has come now, I will show...
My place is 1st in the row ...
All say bad luck, I say no ...
Ups and Downs come only to glow ...
Mind always replied do your best...
These are the days we all have to face ...
That's why they are called as exam days.

Name: Neha S. Ravat
STD: 7-B





## Nature Poem

Everything is nature,
God gave us this feature.
Birds fly in the sky,
And mountains are so high.
Trees are green,
And water so clean.
We are only harming it,
But it never betrays.
It always give us right way,
Please leave it as it is.
Don't try to play with it.

Name: Himanshu
STD: 7-A

# Salad Day



**The pre-primary class had a delightful Salad Day activity, where they got to make their own healthy salads. With guidance, the little ones washed, chopped,and mixed fresh fruits and veggies, learning about colors, textures, and nutritious eating. It was a fun and interactive way to promote healthy habits from a young age.**





# Inter-School Science Fair

Students showcased innovative projects at the science fair,including an automatic irrigation system and an AI-powered mask detection system.



Both projects demonstrated resourcefulness and innovative thinking. The students'work showcased their technical skills and creativity. They developed practical solutions to real-world problems.

The projects highlighted the importance of technology in everyday life.

# POEMS

## TREE

Do not cut me, cried the tree,
Because I give you rain free.
In my cool shade you rest,
eat my fruits that in is my fresh smell.
Let me live
My life well

Name: Anshika Maurya
STD: 6-A



## Missing homework



I sat down quietly, pencil in hand,
Ready to write, like I had planned.
But suddenly, oh what a fright-
My homework vanished, out of sight!
I searched my desk, I checked my bag,
I even looked under the shag.
But my homework was gone, like a mystery,
It must have escaped - how could it be?
It told my teacher, "it's really true",
My homework's missing - I don't know who!
She gave me a smile, then shook her head,
"I think you have had enough of that bed!"

## Food Without Fire





The students of Tatwamasi Vidyalaya explored the world of fireless food, discovering tasty treats like sandwiches, salads, and fruit plasks. They got creative with diya making, crafting beautiful designs and patterns with clay, colours, and decorations. The room was filled with excitement and creativity as they learned about traditional Indian crafts and healthy eating habits.

## Diya Making





# Diwali Celebration

The Diwali celebration at Tatwamasi Vidyalaya was a vibrant and joyous occasion, filled with excitement and festive cheer. The school was transformed into a colourful spectacle, with intricate rangoli designs adorning the floors and walls, and twinkling diyas adding a warm, golden glow to the atmosphere. Students and teachers alike came together, dressed in their finest traditional attire, to participate in the festivities.









# Children's Day Celebration



Children's Day was celebrated with great enthusiasm at Tatwamasi Vidyalaya!

The day was filled with fun activities, including energetic dance and exciting games that brought smiles to the faces of the little ones.

The students thoroughly enjoyed themselves, making it a memorable day!

# ACTIVITY BASED LEARNING






























# CHRISTMAS CELEBRATION







The pre-primary section celebrated Christmas with great joy and excitement. The school was beautifully decorated, creating a festive atmosphere. The tiny tots enjoyed fun games, stories, and music throughout the day.

The highlight of the celebration was the arrival of Santa Claus, who distributed gifts and brought smiles to every child's face. The children were filled with happiness and enthusiasm.

It was a delightful celebration that spread joy, love, and togetherness, making the event a grand success.



# Science Exhibition Winners

**We are delighted to share that our school has secured the First Prize in the Science Exhibition held in St. Mary's School, Ognaj on 23rd Sept.2025, in the Health and Hygiene category. The winning project was an AI-enabled Smart Safety Gate, created by our students with the guidance of the Robotics team. The smart gate detects whether a person is wearing a mask. Green signal and entry permitted only when the mask is worn. Red signal and entry denied when the mask is not worn. Congratulations to our students, the Robotics mentors and Arpan sir for this innovative achievement.**





# Kho-Kho Competition



Tatwamasi Vidyalaya girls' team achieved outstanding success, securing first place at the Khel Mahakumbh District and second place at the Sansad Khel Mahotsav. Their exceptional performance is a testament to their hard work and dedication, made possible with the expert coaching of Smit Sir. The school is proud of their achievement!

# WINNER




## BRDS Competition Winners

Our students shone bright at the BRDS competition, bringing home certificates that highlighted their achievements. Their hard work and dedication earned them recognition, making the school proud.

## Olympiad Exam





Akanksha Makwana (11th) and Mukesh Meghwal (12th), both from the Commerce stream, made their school proud by winning a gold medal in the inaugural Commerce Olympiad. Their achievement highlights their exceptional grasp of commerce subjects, showcasing their hard work and dedication.




We are proud and delighted to share that Tatwamasi Vidyalaya has received an award from the DEO Office for achieving a 100% result in Std -12 .
This achievement reflects the hard work of our students, the dedication of the principal and teachers, and the constant support of our management and parents.
**Congratulations to the entire Tatwamasi Vidyalaya family!**


# Yoga Competition

**Our students made us proud at the Veer Savarkar Sports Club's District Level Yoga Competition, bagging the 1st and 2nd prizes! Their dedication and skill shone through, showcasing the excellent training and support they receive. Kudos to a ll the talented participants for representing our school with such pride and passion! The entire school community celebrates this achievement and looks forward to many more successes.**





**Warli Art is a traditional tribal art from Maharashtra, India, characterized by its simple geometric squares often depicting scenes of daily life nature and cultural practices.**






Nature is a beautiful gift that surrounds us with trees, plants, animals, rivers, mountains, and fresh air. It provides us with everything we need to live, such as food, water, and oxygen. The beauty of nature can make us feel happy, relaxed, and peaceful.

However, nature is being harmed by human activities. Pollution, cutting down trees, and wasting water are damaging our environment. Because of this, many animals are losing their homes, and the air and water are becoming dirty.

We must take care of nature to protect our planet. Planting trees, keeping our surroundings clean, and saving water are simple steps everyone can follow. When we protect nature, we ensure a healthy and beautiful world for ourselves and future generations.

-- Manisha Kumawat
Class 9th -B



**पेड़, तुम धरती का श्रृंगार,**
**सूरज की किरणों का उपहार|**
**तुमसे है जीवन का आधार,**
**शांत खड़े देते हो शीतल बयार|**
**तुम्हारी पत्तियाँ हरी भरी,**
**जैसे धरती की चुनरी|**
**फल, फूल और छाया देते,**
**सदा ही तुम, निस्वार्थ सेवा करते|**
**कभी आँधी, कभी तूफान**
**सहते हो तुम, बिना थकान|**
**तुम्हारी जड़े, धरती में गहरी,**
**जैसे जीवन की गहरी पहरी|**
**पेड़, तुम जीवन का संदेश,**
**सदा देते हो प्रेम का उपदेश|**
**हम भी बने, तुम्हारे जैसे,**
**परहित में जीवन जिए, हरदम ऐसे|**


# Science, Math and Robotics Exhibition









**Tatwamasi Vidyalaya's Science Exhibition was a blast! Students showcased their creativity with hands-on projects, including cool robotics models that wazed everyone. From working prototypes to innovative ideas, the event sparked curiosity and tech excitement!**



# ગુજરાતી
# માધ્યમ





# ઉપ-આચાર્યના મંતવ્યો



"શાળાએ જ્ઞાનનું મંદિર છે જ્યાં દરેક વિદ્યાર્થી પોતાના સપનાઓને સાકાર કરવાની દિશામાં આગળ વધે છે."

**પ્રિય વાલીશ્રીઓ,**
**તત્વમસિ વિદ્યાલય તરફથી આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ!**

**શિક્ષણ એ માત્ર ભવિષ્યની નોકરી માટે જ્ઞાન આપવાની પ્રક્રિયા નથી, પરંતુ તે એક જીવનભર ચાલતી પ્રક્રિયા છે. તે જીવનને માર્ગદર્શન આપવા માટે નૈતિક મૂલ્યોની સમજ અને સંસ્કાર ઘડવાની જીવનભરની યાત્રા છે, જે આપણા બાળકોને દેશના સાચા નાગરિક બનાવે છે.**

**આપણી શાળા માં શિસ્ત દરેક બાળકની આદત બને અને તેઓ માત્ર શૈક્ષણિક રીતે જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં આગળ વધે . શાળા દરેક બાળકમાં રહેલી વિશિષ્ટ પ્રતિભાને ઓળખીને તેને વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે . વિદ્યાર્થીઓને એવી રીતે વિકસાવવાનું લક્ષ્ય રાખીએ છીએ કે તેઓ મૂલ્ય આધારિત જ્ઞાન અને કૌશલ્ય સાથે સ્પર્ધાત્મક સમાજનો સામનો કરવા માટે સારી રીતે સજ્જ હોય.**
**અમે માનીએ છીએ કે  સાચું જ્ઞાન ફક્ત પુસ્તકો કે વર્ગખંડની ચાર દીવાલો પૂરતું સીમિત નથી. તેથી, અમે અમારા વિદ્યાર્થીઓને એવું વાતાવરણ આપવા માંગીએ છીએ  જ્યાં તેઓ ભૂલો કરતાં ડરે નહીં, કારણ કે નિષ્ફળતા જ સફળતાની પહેલી સીડી છે. આપણે ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ લઈને, આવતીકાલની તકોને વિશાળ પાંખો ફેલાવીને આંબવાની છે.**

**તમે અમારા પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ અમે તમારા ખૂબ આભારી છીએ. શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખવા અને યુવા પેઢીને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે અમને તમારા સતત સહકારની જરૂર છે. આપણે સૌએ સાથે મળીને આપણા રાષ્ટ્રના સૌથી મૂલ્યવાન સંશાધન - આપણા બાળકો - માં આપણો સમય અને શક્તિનું રોકાણ કરવું જોઈએ.**

**તમે તમારા બાળકના ભવિષ્ય માટે આપણી શાળા પર જે વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું વ્યક્તિગત રીતે તમારી આભારી છું . આ સફરમાં મને તમારા સક્રિય સહકારની ખૂબ જરૂર પડશે. ચાલો આપણે સાથે મળીને આપણા બાળકોને, જેઓ દેશનું ભવિષ્ય છે, તેમના માટે શ્રેષ્ઠ વાતાવરણનું નિર્માણ કરીએ.**
**આભાર સહ,**

**પ્રિયદર્શના ભાવસાર**
**(ઉપ-આચાર્ય તત્વમસિ વિદ્યાલય )**

# એક વાત કહું ?



- જિંદગીમાં એક વ્યક્તિ જરૂર એવી રાખજો તમારી પાસે .
- જેની સામે ક્યારે કંઈ પણ કહેતા વિચારવું ના પડે .
- જ્યારે મન ભરાઈ જાયને ત્યારે તે વ્યક્તિ સાથે વાત કરીને મન હળવું થઈ જાય.
- જે વાત કોઈને ના કહી શકાય એ વાત એને બિંદાસ કહી શકાય .
- એ વ્યક્તિ ખાલી આંખો જોઈને કહી દેકે તને શું થયું છે .
- જેની સાથે રહીને કે બેસીને એવું ના લાગે કે પારકુ વ્યક્તિ છે .
- જ્યાં રસ્તો ભુલાઈ જાયને ત્યાં એ કોઈવાર રસ્તો બતાવે .
- અને જે વાતને ફક્ત સાંભળે નહીં વાતને સમજે .
- અને સાથે ખોટું હોયને તો ખીજાય પણ ખરી જો એવા વ્યક્તિ તમારી પાસે હોય ને તો સાચવી લેજો .
- કેમ કે આવા વ્યક્તિ બધાને નથી મળતા નસીબદારને જ મળે છે . તો તમે પણ નસીબદાર છો ને ?
- તે એક વ્યક્તિ માતા, પિતા, શિક્ષક, ભાઈ, બહેન ,સંબંધી મિત્ર કોઈ પણ હોઈ શકે છે

**- વિદિતા ઠાકર**

# હાસ્ય



હસો અને હસાવો
હાસ્યની રંગત રેલાવો
હાસ્ય છે માનવીના જીવનમાં
વહેતો અવિરત ભાવ
છીનવો નહીં કોઈનું
હાસ્ય જીવનથી
નહીં તો જીવન શૂન્ય
બની જશે હાસ્યના વિરહથી
હસે બીજા પર તે જોયા અનેક
હસે પોતાના પર તે લાખોમાં એક
હાસ્ય છે મધુર
સંગીત જીવનનું
હાસ્ય જે કોમળ ફૂલ
જિંદગીના ઉપવનનું
આ જીવતર ન જાય એળે
ચાલો આપણે સૌ મળીએ હાસ્યના મેળે

**- કિંજલ પટેલ**



## મધિ રાવળ

# હું એક શિક્ષક છુ

કક્કો શીખવાડીને તમને કલેક્ટર બનાવું
પાટીમાં પેન ચલાવતા અને
આકાશમાં પ્લેન ઉડાડતા શીખવું,
માટીના રમકડા બનાવતા બનાવતા
એન્જિનિયર બનાવું
પીંછી પકડાવી પળવારમાં ચિત્રકાર બનાવુ,
નખ અને વાળ કાપીને
તંદુરસ્તી આપનાર ડોક્ટર બનાવુ
પ્રયોગોની કેડી પાથરી ઢોલક ખંજરી વગાડતા તમને સંગીતકાર બનાવું
વૈજ્ઞાનિક બનાવુ.
જો તમારે કંઈ જ બનવું ના હોય તો પણ તમને 'માનવી'તો બનાવું જ
કારણકે
હું એક શિક્ષક છું.



## દિક્ષિત નાયી

# ડો. વિક્રમ સારાભાઈ

જન્મ અને પ્રારંભિક જીવન: ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ ના રોજ અમદાવાદના એક પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ પરિવારમાં જન્મ.

અવકાશ યુગના પિતા: તેમને ભારતીય અવકાશ કાર્યક્રમના જનક માનવામાં આવે છે. ૧૯૬૨માં તેમણે INCOSPAR ની સ્થાપના કરી, જે બાદમાં ૧૯૬૯માં ISRO બની.

શિક્ષણ: કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી કોસ્મિક કિરણો (Cosmic Rays) પર સંશોધન માટે ડોક્ટરેટની પદવી મેળવી.

ડો. વિક્રમ સારાભાઈ (1919–1971) એક સ્વપ્નદ્રષ્ટા ભૌતિકશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા, જેમને "ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા" તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) ની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

સંસ્થાઓનું નિર્માણ: અવકાશ વિજ્ઞાન ઉપરાંત તેમણે ઘણી વિશ્વસ્તરીય સંસ્થાઓ સ્થાપી, જેમ કે:

* ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL), અમદાવાદ.
* ભારતીય પ્રબંધન સંસ્થાન (IIM), અમદાવાદ.
* કમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ.

અવસાન: ૩૦ ડિસેમ્બર ૧૯૭૧ ના રોજ કેરળના કોવલમમાં પર વર્ષની વયે તેમનું નિધન થયું.

પ્રથમ ભારતીય ઉપગ્રહ: તેમણે ભારતના પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' માટે પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, જે તેમના અવસાન બાદ 1975 માં લોન્ચ કરવામાં આવ્યો હતો.

પુરસ્કારો અને સન્માન

* શાંતિ સ્વરૂપ ભટનાગર મેડલ (1962)
* પદ્મભૂષણ (1966)
* પદ્મવિભૂષણ (મરણોત્તર, 1972)
* વારસો: તિરુવનંતપુરમમાં વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) અને ચંદ્ર પરના એક ક્રેટર (Sarabhai Crater) નું નામ તેમના માનમાં રાખવામાં આવ્યું છે.



# શિક્ષણ તો માતૃભાષામાં !!

માનવી સક્ષમ બને સમાન અને ન્યાયી વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણ એ મૂળભૂત જરૂરિયાત છે.
એ સર્વવિધિ છે કે નાના બાળકો તેમના ઘરમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્વના મૂર્ત કે અમૂર્ત ખ્યાલો ને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે. ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક સમુદાયો દ્વારા બોલાતી ભાષાનો ઉપયોગ થાય છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ ૪ સુધી પણ વધુ યોગ્ય હોય તો ધોરણ ૮ સુધી શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા માતૃભાષામાં રાખવું જોઈએ.

(નવી શિક્ષણ નીતિ – ભારત (NEP 2020) ના સંદર્ભમાંથી)

માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવું એ બાળકના બૌદ્ધિક, ભાવનાત્મક અને સામાજિક વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ છે. માતૃભાષાના શિક્ષણથી બાળક આત્મવિશ્વાસ અનુભવે છે. તેની વિચાર શક્તિ અને સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે. આપણને વિચારો પણ માતૃભાષામાં જ આવે છે તેથી શીખવાની પ્રક્રિયા સરળ બને છે. આપણી સંસ્કૃતિની ઓળખ અને ભાષાની જાળવણી થાય છે.

શિક્ષણ મેળવવાના ઘણા બધા માધ્યમ છે પણ સાચી કેળવણી તો માતૃભાષા દ્વારા જ મળી શકે. બાળકને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે તો બાળક ગોખણપટ્ટી વગર સરળતાથી અને સહજતાથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.
અબ્દુલ કલામ, રવિન્દ્રનાથ ટાગોર , શ્રી અરબિંદો ઘોષ , મહાત્મા ગાંધી વગેરે જેવા મોટા વ્યક્તિત્વ ધરાવતા મહાનુભાવો માતૃભાષામાં શિક્ષણ મળે તેની હિમાયત કરતા હતા.

હાલ આપણે આંધળું અનુકરણ કરીને બાળકને જે ભાષા આપણને પણ આવડતી નથી તેમાં શિક્ષણ આપીએ છીએ. ટ્યુશન પર આધાર રાખીને ગોખણપટ્ટી દ્વારા બાળકને શિક્ષણ આપવા માંગીએ છીએ, પરંતુ તે શિક્ષણમાં બાળકની મનોદશા ની આપણને ખબર પડતી નથી. બાળક કોઈ પણ ભાષામાં સારી રીતે શીખી શકતું નથી.

"માતૃભાષા ભૂલતા ભાન ભૂલ્યા આપણે સ્વાભિમાન
મા ને તરછોડી માસી પાછળ ભાગ્યા મળે પછી ક્યાંથી જ્ઞાન??"
મેહુલ બ્રહ્મભટ્ટ

1964 થી 1966 ના એજ્યુકેશન કમિશનના ચેરપર્સન ડી.એસ. કોઠારીએ તો કહ્યું છે કે, "ભારત સિવાય દુનિયાના કોઈપણ દેશમાં બાળકની ભાષા અને તેના શિક્ષણની ભાષા અલગ નથી."

આપણે આપણી સંસ્કૃતિને બચાવી હોય તો માતૃભાષા ને માન આપવું પડશે. વ્યક્તિ તેની માતૃભાષામાં જ તેના વિચારો વધુ સ્પષ્ટ રીતે કરી શકે છે. ગુજરાતી સમૃદ્ધ ભાષા છે તેની સંસ્કૃતિ અને સમૃદ્ધિને ટકાવી હશે તો ગુજરાતીને ટકાવી પડશે.

બાળકના સર્વાંગી વિકાસ માટે માતૃભાષામાં શિક્ષણ અનિવાર્ય છે.

-પ્રિયદર્શના ભાવસાર
ઉપ - આચાર્ય

# ઓણમ



ઓણમ કેરળ રાજ્યનો સૌથી વિશેષ અને પરંપરાગત તહેવાર છે.

પરંપરા મુજબ માની શકાય છે કે મહાબલી રાજા , જે દયાળુ અને ન્યાયી શાસક હતા, તેઓ આ દિવસે પોતાની પ્રજાને મળવા પૃથ્વી પર આવે છે. તેમના આગમનના આનંદમાં ઓણમ ઉત્સવ મનાવવામાં આવે છે.



કથાઓ અનુસાર ભગવાન વિષ્ણુએ વામન અવતાર લઈને મહાબલીને પાતાળ લોકમાં મોકલ્યા હતા, પરંતુ તેમને દર વર્ષે પોતાની પ્રજા મળે તેવી વરદાન આપ્યું હતું. આ દિવસોમાં પુખલમ (ફૂલોના રંગોળી) ઘર આગળ રંગબેરંગી ફૂલોની સુંદર ડિઝાઇન બનાવવામાં આવે છે. ઓણમ માત્ર તહેવાર નહીં, પણ સમગ્ર સમાજને જોડતો સાંસ્કૃતિક ઉત્સવ છે. જે આનંદ, ભાઈચારા, સમૃદ્ધિ અને શુભેચ્છાનો સંદેશ આપે છે.



# શિક્ષક દિવસ



- શિક્ષક એટલે....
- સત્ય... નિષ્ઠા... વાત્સલ્ય... નિર્ભયતા....હિંમત... કરુણા...સૌમ્યતા... મૃદુતા અને કઠોરતાનું સંમિશ્રણ... શિક્ષકએટલે ઐશ્વર્યમાન ગુણોથી શોભતું દૈદિત્યમાન સ્વરૂપ.....
- તત્વમસિ વિદ્યાલય ખાતે શિક્ષક દિવસ ખૂબ જ આનંદ અને આદર સાથે ઉજવવામાં આવ્યો. જ્યાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને સ્ટાફની જવાબદારીઓ નિભાવી. આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા સાથે, તેઓએ વર્ગો ચલાવ્યા, શિસ્ત જાળવી રાખી અને શિક્ષણમાં સમર્પણનો અનુભવ કર્યો. શાળા હાસ્ય, ઉર્જા અને હૃદયપૂર્વક કૃતજ્ઞતાથી ભરાઈ ગઈ.
- ઉજવણીમાં ઉમેરો કરતા, કેટલાક શિક્ષકોને તેમના ખાસ પ્રયાસો અને યોગદાન માટે પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા, જેનાથી દિવસ વધુ યાદગાર બન્યો.





# શિક્ષક અવોર્ડ






શિક્ષક દિવસ ની ઉજવણીમાં ઉમેરો કરતા વિપુલ સથવારા, કિંજલ પટેલ, પાયલ પટેલ, હેતલ વસાણી શિક્ષકોને તેમના ખાસ પ્રયાસો અને યોગદાન માટે પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા, જેનાથી દિવસ વધુ યાદગાર બન્યો.

# હું છું તત્વમસિ શાળાની વિદ્યાર્થી

શિક્ષા છે એ જ્યાંથી મળતી, હા મને ગર્વ છે હું છું
એ શાળાની એક વિદ્યાર્થી. તત્વમસિ શાળાની વિધાર્થી

જે અમને પરિચિત કરે છે, વાર્તાના મહત્વપૂર્ણ સારથી
તે અમને બાંધે છે, સમાનતા અને મિત્રતાના એક તારથી.

તે આદર અને વ્યવહાર શીખવે છે અત્યારથી,
તે અમને બધી જ વાત સમજાવે છે પ્યારથી,

હા અમને ખબર છે અમે છીએ થોડા શરારતી,
પણ બધાને ડર લાગે છે તેમની શિક્ષા અને મારથી .


આખું વાતાવરણ શાંત થઈ જાય જ્યારે આચાર્યશ્રી ઉતરે
તેમની કારથી અમે તેમની સામે પોતાને દર્શાવીએ આદર્શ વિદ્યાર્થી.

અમને મળ્યા જ્ઞાનરૂપી શિક્ષકો જ્યારથી
તેમણે અમને શીખવ્યું જીવન જીવતા ત્યારથી,

શું તમને ખબર છે આવા પ્રેમાળ, સુંદર અને
કોમળ હૃદય વાળા શિક્ષકો બન્યા ક્યાંથી ?

અહીં આવી મજાક મસ્તી સાથે જ્ઞાન અને શિક્ષણ
મળે જે વિસ્તારથી હા મને ગર્વ છે હું છું તત્વમસિ શાળાની વિદ્યાર્થી.

સેનમા અંકિતા.
Std-10 (G.M)



થદાણી ભાવિ -9th

# વિજ્ઞાન મેળો

વિકસિત અને આત્મનિર્ભર ભારત વિષય પર એસ વી એસ નો વિજ્ઞાન મેળો તા:23/9/25 ને મંગળવારે સેન્ટ મેરી સ્કૂલ ઓગણજ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેને અનુરૂપ વિષય જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન વિષય પર પ્રોજેક્ટ બનાવીને આપણી શાળાનાં ધોરણ ૧૦ ના બાળકોએ ભાગ લીધો હતો. તેમજ શાળાનાં ધોરણ ૭ થી ૧૦ ના બાળકોને તે વિજ્ઞાન મેળો જોવા લઈ ગયા જેનાથી તેમના જ્ઞાનમાં વધારો થાય.







# લીલો દિવસ અને સલાડ દિવસ ની ઉજવણી










**શાળામાં **લીલો દિવસ** ઉજવવામાં આવ્યો. બાળકોને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને હરિયાળીનું મહત્વ સમજાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ . નાના બાળકો લીલા રંગના કપડાં પહેરીને આવ્યા સલાડ દિવસ નિમિત્તે બાળકોને આરોગ્યપ્રદ ખોરાકનું મહત્વ સમજાવવામાં આવ્યું. દરેક બાળક પોતાના ઘરેથી કાકડી, ટમેટા, ગાજર, બીટ, લીલું શાક વગેરે લાવ્યા હતા. શિક્ષકના માર્ગદર્શન હેઠળ બાળકોને મળીને રંગીન સલાડ બનાવવાનું શીખવવામાં આવ્યું. બધા બાળકોને એકસાથે સલાડ ખવડાવવામાં આવ્યું અને “હેલ્થી ફૂડ – હેપ્પી મૂડ” નો સંદેશ આપવામાં આવ્યો.**



જીયા ઠાકર (7th )



આરૂષિ બારોટ (9th)



સોનાક્ષી દલવાડી (10th)



ક્રિષા પટેલ (8th)

# શિક્ષક તાલીમ

શાળા દ્વારા શિક્ષક વધુ સારી રીતે બાળકોને ભણાવી શકે તે માટે એક તાલીમ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થી ને કેવી રીતે ભણાવવું જોઈએ તે શીખવવામાં આવ્યું. તેમાં શિક્ષકો નવી રીતે ભણાવતા શીખ્યા .





## જાણવા જેવું

- સૂર્યના પ્રકાશને પૃથ્વી પર આવતા 08 મિનટ અને 17 સેકંડ લાગે છે .
- દરેક સેકંડમાં લગભગ 100 વાર વીજળી પૃથ્વી પર ત્રાટકે છે .
- દર વર્ષે પૃથ્વી પર 01 લાખ ધરતીકંપ થાય છે .
- માણસ બોલે છે ત્યારે શરીરના જુદા-જુદા 72 મસલ્સ કામ કરે છે .
- શરીરમાં ફક્ત આંખની કીકીજ એક એવી છે જે એને લોહી પહોચતું નથી
- એરોપ્લેનની શોધ 1903 માં થઈ હતી .
- 'બરફ ની હોકી ' કેનેડા ની રાષ્ટ્રીય રમત છે.
- કોકા કોલા સૌપ્રથમ બનાવવામાં આવ્યું ત્યારે તેનો રંગ લીલો રાખેલો .
- બ્લૂ વ્હેલ એટલી મોટેથી સિટી વગાડે છે કે તેનો અવાજ 188 dB દૂર સુધી સંભળાય છે.
- માછલી પાણીમાં રહે છે પણ એની આંખો પર પાંપણ નથી હોતી .
- હાથી વધારે માં વધારે ચાર થી પાંચ કલાક સુઈ શકે છે .
- શાહુડીના શરીરને આશરે 30,000 જેટલા કાંટા હોય છે .

મેવાડા ભૂમિકા (7th)

## રાણી લક્ષ્મીબાઈ

રાણી લક્ષ્મીબાઈ, જેને ઝાંસીની રાણી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે 1857ના ભારતીય વિદ્રોહની સૌથી અગ્રણી વ્યક્તિઓમાની એક હતી. તેમનો જન્મ 19 નવેમ્બર , 1828 નાં રોજ વારાણસી , ભારતમાં થયો હતો અને તેમનું નામ મણિકર્ણિકા હતું . બાદમાં તેણીનાં લગ્ન ઝાંસીનાં રાજા ગંગાધર રાવ સાથે થયા હતા અને રાણી લક્ષ્મીબાઈ તરીકે ઓળખાયા હતા.

રાણી લક્ષ્મીબાઈ તેમની બહાદુરી અને નિશ્ચય માટે જાણીતા હતા. તે એક કુશળ યૌદ્ધા હતા. જેને નાનપણથી તલવારબાજી અને ઘોડેસવારી કરવાની તાલીમ આપવામાં આવી હતી. તેણીએ 1857નાં ભારતીય વિદ્રોહ તરીકે પણ ઓળખવામાં આવે છે .

રાણી લક્ષ્મીબાઈનો વારસો ભારત અને વિશ્વભરના લોકોને પ્રેરણા આપતો રહે છે . તેણીએ એક બહાદૂર અને નિર્ધારિત નેતા તરીકે યાદ કરવામાં આવે છે જેણે તેના લોકોની સ્વતંત્રતા માટે લડત આપી હતી. તેણીને હિંમત અને નેતૃત્વએ અસંખ્ય લોકોને અન્યાય સામે ઊભા રહેવા અને તેમના અધિકારો માટે લડવાની પ્રેરણા આપી છે .

પ્રજાપતિ દ્રષ્ટિ (10th)

# ઉર્જા બચાવો દિવસ



અમારી શાળામાં ઉર્જા બચાવો દિવસ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. આ દિવસના અવસર પર વિદ્યાર્થીઓને વીજળી તથા કુદરતી સંસાધનોનો સંયમિત ઉપયોગ કરવાની પ્રેરણા આપવામાં આવી.



વિદ્યાર્થીઓએ સર્જનાત્મક પોસ્ટરો દ્વારા સંદેશ આપ્યો કે વીજળી, પાણી અને ઈંધણનો યોગ્ય ઉપયોગ કરીને જ આપણે પૃથ્વીને બચાવી શકીએ છીએ. શિક્ષકોએ પણ બાળકોને સમજાવ્યું કે નાના પ્રયત્નો જેમ કે બલ્બ બંધ રાખવો, સોલાર એનર્જીનો ઉપયોગ કરવો, પાણીનો વ્યર્થ વપરાશ ટાળવો તથા વાહનોમાં ઈંધણ બચાવવું – આ બધું જ ઊર્જા સંરક્ષણ માટે જરૂરી છે.




આ ઉજવણી દ્વારા સૌએ નિશ્ચય કર્યો કે "ઉર્જા બચાવવી એ જ ઊર્જા બનાવવા સમાન છે" અને ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે દરેક દિવસે ઊર્જા બચાવવા પ્રયત્ન કરવો જોઈએ.



# જંગલ દિવસ




પ્રિ-પ્રાયમરી ના બાળકો ને જંગલ દિવસ ની ઉજવણી કરવવામાં આવી. જેમાં બધા બાળકો અલગ અલગ પ્રાણી બનીને આવ્યા હતા. તેમજ તેમને કયા પ્રાણી જંગલમાં રહે તે જાણે તે માટે પિક્ચર પણ બતાવવામાં આવ્યું હતું અને બગીચાની મુલાકાત કરાવી હતી.




# મારી મમ્મી

મારી મમ્મી મારા જીવનનું સૌથી મહત્વનું અને પ્રેરણાદાયક પાત્ર છે . તે માત્ર એક માતા જ નહી પણ મારી શ્રેષ્ઠ મિત્ર, માર્ગદર્શક અને શક્તિનો સ્ત્રોત પણ છે . હું જ્યારે પણ મુશ્કેલીમાં હોઉ ત્યારે તે હંમેશા મને સાચો માર્ગ બતાવે છે .


તેનું વ્યક્તિત્વ અત્યંત દયાળુ અને શાંત છે . તે ક્યારેય કોઈના વિશે ખરાબ વિચારતી નથી. મારી મમ્મી મને જીવનના મૂલ્યો શીખવે છે. તેણે મને પ્રામાણિકતા, સખત મહેનત અને ધ્યાનનું મહત્વ શીખવ્યું છે. જ્યારે પણ હું દૂ:ખી થાઉં છુ, ત્યારે તેની હુંફાળી વાણી અને સલાહ થી મારું દૂ:ખ ભાગી જાય છે.

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું હશે ત્યારે સૌ પ્રથમ " માં " નું સર્જન કર્યું હશે .

"માં તે માં બીજા બધા વગડાના વા "

**પટેલ હાર્વી (7th)**





## દીકરી નું મહત્વ.

પહેલાં નાં સમય માં લોકો છોકરા અને છોકરીઓ માં ભેદ-ભાવ રાખતાં હતાં.

ભેદભાવ શા માટે ?

તેમને લાગતું હતું કે છોકરાઓ તો બસ ચલતું કામ કરી શકે છે. અને ખેતીકામ કરી શકે છે. તેઓ વિચારતા કે છોકરી તો માતા-પિતા પર બોજ છે. તેવું વિચારી ને તેના જન્મતા જ દીકરી ને મારી દેતાં હતાં.

પરંતુ તેમની દીકરી ઓને ભણવું હોય તો પણ ભણવા ન દેતાં તેને ખેતી કામ માં ન જવું હોય તો પણ ખેતર માં ખેતી કરવા મોકલતા. અને બાળમજૂરી કરાવતા. અને છોકરીઓને બાર - તેર વર્ષની થતાં જ પરણાવી દેતાં હતાં.

અને એ સમય માં તો પુરુષો સ્ત્રીઓથી નાની ભૂલ થતાં મારતા હતાં. તેઓ સ્ત્રીઓને ખૂબ જ મારતાં. અને સ્ત્રીઓ માર ખાઈ પણ લેતી. કશું જ ન કહેતી ચુપચાપ માર સહન કરી લેતી.

પરંતુ હવે, હવે તેવું નથી રહ્યું. હવે જો કોઈનાં ઘરે દિકરી નો જન્મ થાય તો તેઓ વિચારે કે ઘરે લક્ષ્મી પધારી છે. અને હવે દિકરી ઓ ને ખૂબ જ ભણાવે છે.

દીકરી ઓ હવે તો ડૉક્ટર, એન્જિનિયર બની ને પોતાના માતા-પિતા નું નામ રોશન કરે છે. અને ઘર સંભાળે છે.

તેથી જ કહેવામાં આવે છે કે ......

......"બેટી બચાવો, બેટી પઢાઓ"......

**જીયા ઠાકર (7th )**

# નવરાત્રી ઉત્સવ

**તત્વમસિ વિદ્યાલય માં નવરાત્રી ઉત્સવ 2025 નવરાત્રી એ ભક્તિ, આનંદ અને સંસ્કૃતિનો પર્વ છે. તત્વમસિ વિદ્યાલય માં નવરાત્રી ઉત્સવ ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવાયો. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એક સાથે મળીને માતાજીની આરતી કરી. વિદ્યાર્થીઓએ રંગબેરંગી પરંપરાગત વેશભૂષા ધારણ કરી અને આનંદપૂર્વક ગરબા રમ્યા. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એકતા, ભક્તિ અને આનંદ સાથે ઉત્સવ માણ્યો. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ, પરંપરાની કદર અને સાથોસાથ આનંદની ભાવના માં વધારો કરે છે. ગરબાની રમઝટથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા અને આ નવરાત્રીની યાદો હૃદયમાં સદાય તાજી રહેશે.**













# કન્યાપૂજન

**1. *શૈલપુત્રી* 2. *બ્રહ્મચારિણી* 3. *ચંદ્રઘંટા* 4. *કૂષ્માંડા* 5. *સ્કંદમાતા* 6. *કાત્યાયની* 7. *કાલરાત્રિ* 8. *મહાગૌરી* 9. *સિદ્ધિદાત્રી***





**નવરાત્રી પર્વમાં દેવી માતાની નવ સ્વરૂપે ઉપાસના કરવામાં આવે છે, જેને નવદુર્ગા કહેવામાં આવે છે. નવ દિવસ સુધી દરરોજ અલગ-અલગ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.**



**આ નવ સ્વરૂપોની ઉપાસના દ્વારા ભક્તિ, શક્તિ, સંપત્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં કન્યાપૂજન કરવાની પરંપરા છે. નર્સરી થી ધોરણ-૨ ની વિદ્યાર્થીનીઓ નવદુર્ગા બનીને આવી હતી. શાળાના તમામ શિક્ષકો એ મળીને તેમનું પૂજન કર્યું અને માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ બીજા બાળકોએ ગરબા રમ્યા અને ખૂબ આનંદ લીધો .**

# દિવાળીની ઉજવણી

અમારી શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જુનિયર કેજી થી લઈને ધોરણ-10 સુધીના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

તેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં Food Without Fire સ્પર્ધાનો મુખ્ય સમાવેશ હતો. વિદ્યાર્થીઓએ ઘરેથી અલગ-અલગ વાનગીઓ માટે જરૂરી સામગ્રી લઈને આવી અને શાળાના કેમ્પસમાં જ વિવિધ સ્વાદિષ્ટ અને આકર્ષક વાનગીઓ તૈયાર કરી. બાળકોની કળા, કલ્પના શક્તિ અને તેમજ રંગોળી સ્પર્ધા અને દીવા શણગાર સ્પર્ધા નું પણ આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ રસપ્રદ ડિઝાઇન, આકર્ષક રંગો અને સર્જનાત્મકતા વડે અવનવી રંગોળીઓ બનાવી. દીવા શણગાર સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના દીવા સજાવીને તેમના કલાત્મક ગુણોનું સુંદર પ્રદર્શન કર્યું.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાળકોમાં આનંદ, ઉત્સાહ, એકતા અને તહેવારો પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો.









# શિક્ષક તાલીમ કાર્યક્રમ




લાર્સન એન્ડ ટુબ્રો પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સહયોગી સેરેનીટી લાઇબ્રેરી અને બોટેનિકલ ગાર્ડન ખાતે યોજાયેલા "નેચર એજ્યુકેશન વર્કશોપ" માં હાજરીખૂબ રોચક હતી . કુદરત ની વચ્ચે રહીને આપણે કેવીરીતે જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ તે જાણવા મળ્યું.

આ તાલીમનો મુખ્ય હેતુ શિક્ષકોમાં કુદરત આધારિત શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવો, કુદરત સાથે જોડાયેલા શૈક્ષણિક વ્યવહારને સમજાવવો અને શાળાના અભ્યાસક્રમમાં ‘Nature Integrated Learning’ને અસરકારક રીતે જોડવાની રીતો સમજવાનો હતો.

. જેમાં બાળકોને તેની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક આદર ,સંવેદનશીલતા કેવી રીતે વિકસાવી શકાય તેની જાણકારી આપી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાયું કે બાળકને અભ્યાસ માં ‘અનુભવથી શીખવવું’ વધુ અસરકારક છે. આ વર્કશોપ માત્ર તાલીમ નહોતી , પરંતુ અમારી અંદર રહેલી કુદરત સાથેની શૈક્ષણિક સંવેદનાને ફરી જીવંત કરતો અવસર હતો.ક્લાસરૂમની દિવાલોની બહાર શીખવાની અનંત શક્યતાઓ છે . આ વર્કશોપ એનો જીવંત પુરાવો હતો.



# ક્રિયા દ્વારા શિક્ષણ


























# ઝોન લેવલ અંડર-17 કબડ્ડી સ્પર્ધામાં દ્વિતીય સ્થાન





અમારી સ્કૂલની અંડર-17 છોકરીઓની કબડ્ડી ટીમે તાજેતરમાં યોજાયેલ ઝોન લેવલ કબડ્ડી સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરીને દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે. સ્પર્ધા દરમિયાન છોકરીઓએ ઉત્તમ ખેલ કૌશલ્ય, ટીમવર્ક, અનુશાસન અને જીતવાની જિજ્ઞાસા દર્શાવી હતી.

ખેલાડીઓએ દરેક મેચમાં મજબૂત રણનીતિ, ઝડપ, ચતુરાઈ અને દ્રઢ મનોબળ સાથે મક્કમતા થી વિરોધી ટીમો સામે શાનદાર ટક્કર આપી અને ફાઈનલ સુધીનો સફર સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. અંતિમ મુકાબલો ખૂબ જ રોમાંચક રહ્યો, જેમાં ખેલાડીઓએ પોતાના શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા અને ગૌરવપૂર્વક દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.
આ સિદ્ધિથી સ્કૂલનું નામ ઉજ્જવળ થયું છે અને ભવિષ્યમાં વધુ ઊંચાઈ હાંસલ કરવાની પ્રેરણા મળી છે.



# વિજ્ઞાન, ગણિત અને રોબોટિક્સ પ્રદર્શન









**તત્વમસિ વિદ્યાલયે સફળતાપૂર્વક વિજ્ઞાન, ગણિત અને રોબોટિક્સ પ્રદર્શનનું આયોજન કર્યું, જેનાથી વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા, નવીનતા અને ખ્યાલોની વ્યવહારુ સમજણ દર્શાવવા માટે એક અદ્ભુત પ્લેટફોર્મ મળ્યું. રોબોટિક્સ વિભાગે ખાસ કરીને ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસક્રમ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિક પ્રયોગો, ગણિતીય વિચારધારાઓ અને કલાત્મક હસ્તકલા કૃતિઓરજૂ કરી.**

**વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, તર્કશક્તિ અને આત્મવિશ્વાસ આ પ્રદર્શન દ્વારા સ્પષ્ટ રીતે જોવામળ્યો. પ્રદર્શનમાં ઉપસ્થિત માનનીય મહેમાનો, માતા-પિતા તથા શિક્ષણપ્રેમીઓએ વિદ્યાર્થીઓનાપ્રયત્નોની સરાહના કરી. આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રયોગાત્મક શિક્ષણ,નવીન વિચારશક્તિ અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે છે.**

**આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ વિદ્યાર્થીઓ,વાલીઓ, શિક્ષકો તથા સહયોગી સ્ટાફનોતત્વમસિ વિદ્યાલય પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

Muse Printables

# નાતાલની ઉજવણી



તત્વમસિ વિદ્યાલયમાં નાતાલની ઉજવણી ખૂબજ આનંદ અને ઉત્સાહ સાથે કરવામાં આવી.અમારા નાના બાળકો સુંદર પોશાક પહેરીનેનાતાલ ની ઉજવણી કરવા આવેલ હતા.સાન્તાક્લોઝ સાથે બાળકોએ ડાન્સ કર્યો. જેનાકારણે બાળકોમાં ઉત્સાહ વધ્યો, બાળકોમાંસ્મિત, હાસ્ય અને ખુશી ફેલાઈ ગઈ.વિદ્યાર્થીઓએ દરેક ક્ષણનો આનંદ માણ્યો.શાળાનું પ્રાંગણ ઉલ્લાસથી ભરાઈ ગયું હતું.






# ક્રિયા દ્વારા શિક્ષણ














# EDITORIAL TEAM

*— Guiding Creativity, Inspiring Excellence —*

The Editorial Team of the School Magazine is a dedicated group of individuals, each contributing their unique ideas, creativity, and passion to bring this publication to life.

## Editorial Team

Mrs. Lata Pillai
Mrs. Nisha Nambiar
Mrs. Priyadarshna Bhavsar

## Technical Expert

Mrs. Riddhi Kikani

Together, this editorial team has worked with dedication and harmony to create a magazine that not only informs but also inspires the school community. It reflects the creativity, talent, and voices of both teachers and students. Their commitment ensures that every edition becomes a memorable and eagerly awaited publication.

**"Behind every success lies a story untold,**

**and behind every story stands a dreamer bold.**

**This magazine celebrates those dreamers—**

**the thinkers, creators, and believers who shape**

**tomorrow."**


Tatwamasi Vidyalaya

(An Initiative of Shree Ayappa Temple, Vasna)

Near Mahakali Temple, New Science City Rd,

Ognaj, Ahmedabad, Gujarat 380060

Contact no. : 02717 244 101